વંચાણે લીધા : પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૩૧/ ૨૦૧૮, તા.૨૬/૯/૨૦૧૮

**જાહેરનામું**

**પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૨૫ /૨૦૧૯,**

**તા. ૨૫/૯/૨૦૧૯**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી નવરાત્રી મહોત્સવ દરમિયાન તા.૨૯/૯/૨૦૧૯ થી તા.૭/૧૦/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબના હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૨૯/૯/૨૦૧૯ થી તા.૭/૧૦/૨૦૧૯ દરમિયાન નવરાત્રી મહોત્સવ અંગે;

**૧)** આમુખમાં નિર્દિષ્ટ કરેલ જાહેરનામાથી શહેરમાં અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે તેવા તમામ પ્રકાર વાહનોની નીચે જણાવ્યા મુજબના માર્ગ ઉપર રાત્રી કલાક ૨૩.૦૦ થી રાત્રી કલાક ૦૩.૦૦ સુધી અવર જવર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

- તા.૨૯/૯/૨૦૧૯ થી તા.૭/૧૦/૨૦૧૯ સુધી દરરોજ રાત્રીના કલાક ૨૩.૦૦ થી મોડી રાત્રીના કલાક ૦૩.૦૦ સુધી એસ.જી. હાઇવે ઉપર ( વૈષ્ણોદેવી સર્કલ થી ઉજાલા સર્કલ સુધીનો માર્ગ ) અવર જવર કરતા ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવે છે.

**વૈકલ્પિક માર્ગ:**

- વૈષ્ણોદેવી સર્કલ થી સરદાર પટેલ રીંગ રોડ થઇ સરખેજ તરફ આવ-જા કરી શકાશે.
- સરખેજ સાણંદ ચોકડી (ઉજાલા સર્કલ) થી સરદાર પટેલ રીંગ રોડ થઇ વૈષ્ણોદેવી સર્કલ તરફ આવ-જા કરી શકાશે.
- અમદાવાદ શહેરમાં આવવા માટે વૈષ્ણોદેવી થી તપોવન સર્કલ થઇ સાબરમતી તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૯/૯/૨૦૧૯ થી તા.૭/૧૦/૨૦૧૯ સુધી દરરોજ ઉપર્યુકત દર્શાવેલ સમય મુજબ કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૯/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૫/૯/૨૦૧૯
અમદાવાદ શહેર.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા